| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૮/૦૬ /૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**– નમુનો – અ–**

**મે.લાલપુરના એડિશનલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

**ચુકાદાની તા. ૧૮/૦૬/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૧૩૮૫ /૨૦૨૫**

**આંક–..........**

| ગ્ુન્હાની વિગત | |
|---|---|
| **ગુન્હાની કલમ** | બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ . વી. એકટ ની કલમ–૧૭૭ , ૧૮૪, ૧૧૯ |
| **પ્રથમ માહીતી અહેવાલ નંબર** | ગુ.ર.નં. ૧૧૨૦૨૦૩૮૨૪૦૭૮૭/૨૦૨૪ |
| **પોલીસ સ્ટેશન** | લાલપ્ુર પો.સ્ટે. |
| **ફરીયાદી પક્ષ** | સરકારશ્રી |
| **ફરીયાદપક્ષ તરફે વિ.વ. શ્રી** | વિ. એપીપીશ્રી એન.પી.જાની |
| **આરોપી પક્ષ** | **જયહિન્દ શ્યામલાલ યાદવ**<br>જાતે. આયર ઉ.વ.૨૯ ધંધો.વેલ્ડીંગ કામ<br>રહે. હાલ ખટીયા પાટીયા,<br>શીવશકિત ફર્નીચર પાસે,<br>તા. લાલપુર, જી.જામનગર |
| **આરોપી તરફે વિ.વકીલશ્રી** | વિ.વકીલશ્રી એ.પી.આયડી |

**– નમુનો – બ–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૦/૧૦/૨૦૨૪ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૦/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| તહોમતનામુ/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો ) | – |

**–:આરોપીની વિગત–**

| ક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **જયહિન્દ શ્યામલાલ યાદવ** | ૧૦/૧૦/૨૪ | ૧૦/૧૦/૨૪ | બી.એન.એસ. ની કલમ ૨૮૧ તથા એમ . વી. એકટ ની કલમ–૧૭૭ , ૧૮૪, ૧૧૯ | – | – | – |

**– નમુનો – ક–**

**– સાહેદોનુ લીસ્ટ–**

**અ. ફરીયાદપક્ષ તરફે સાહેદો–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ત.ક.અ. ઈન્દ્રજીતસિંહ દશરથસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૦૭ | પંચ સાહેદ મહેશભાઇ ખેરાજભાઇ અસ્વારની સોગંદ પરની જુબાની. |
| ૩ | ૧૫ | ફરીયાદી બ્રિજરાજસિંહ ચંદ્રસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૪ | ૦૮ | સાહેદ અરજણભાઇ ચનાભાઇ ઓડેદરાની સોગંદ પરની જુબાની. |
| ૫ | ૦૯ | સાહેદ પરેશભાઈ દિનેશભાઈ રાઠોડ ની સોગંદ પરની |

| | | |
|---|---|---|
| | | જુબાની. |
| ૬ | ૧૭ | ત.ક.અમલદાર અજયસિંહ મહાવીરસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની. |

**– દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ–**

**અ. ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજો–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદ |
| ૨ | ૦૬ | બનાવવવાળી જગ્યાનુ પંચનામુ |

**–ઠરાવ–**

**૧. ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત**

આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મેઘપર પડાણા પો. સ્ટે. પાર્ટ બી ગુના રજી. નંબર ૧૧૨૦૨૦૩૮૨૪૦ ૭૮૭/૨૪ થી તા. ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ . વી. એકટ ની કલમ–૧૭૭ , ૧૮૪, ૧૧૯ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમા ફરીયાદ આપનાર ફરીયાદીએ આરોપીઓ સામે એ મતલબની ફરીયાદ આપેલ છે કે, આરોપીએ તા:–૧૦/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે પોતાની બજાજ કંપનીની પલ્સર મો.સા. રજી. નં. જી.જે. ૩૭ એન ૦૪૨૮ પુરપાટ ઝડપે બેફીકરાઈથી અને ગફલતભરી રીતે રોંગ સાઇડમાં ચલાવી નીકળી, પકડાઇ ગયેલ હોય જેથી આ બાબતે ફરીયાદીએ આ મતલબની ફરીયાદ દાખલ કરેલ છે.

**૨. ફરીયાદ દાખલ થયા પછી કાર્યવાહી**

ચાર્જશીટના આધારે આ કામના આરોપીને ધોરણસર સમન્સ કરતા આરોપી નામદાર અદાલત સમક્ષ હાજર રહેતા તેઓને તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો કિ. પ્રો. કોડની કલમ–૨૦૭ પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલ છે અને આ કામે આંક–૩ થી આરોપીની પ્લી લેતા જેમાં આરોપીએ પોતાની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા આ કામના આરોપી સામેની આગળની ન્યાયીક કાર્યવાહી ચલાવવામાં આવેલ.

## ૩. <u>ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો</u>

હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ ઉપર જજમેન્ટ હેડીંગના ' **નમુના – ક**' માં આપવામાં આવેલ છે. હવે આ લીસ્ટ મુજબ રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો તે નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૦૪ થી ત.ક.અમલદાર ઇન્દ્રજીતસિંહ દશરથસિંહ જાડેજા ને** તપાસેલ છે અને આ ત.ક.અમલદારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,"તા. ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ મેઘપર પડાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન કલાક ૧૪–૩૦ વાગ્યે પડાણા પાટિયા પાસે પહોંચતા એક મોટરસાયકલ નં. જી.જે. ૩૭ એન ૦૪૨૮ નો ચાલક પુરપાટ ઝડપે તથા બેફિકરાઇથી વાહન ચલાવી આવતો જણાતા તેને રોકી બે પંચોને બોલાવી તેનું નામ–ઠામ પૂછતા તેણે પોતાનું નામ જયહિંદ શ્યામલાલ હોવાનું જણાવેલ. મજકુર વિરુદ્ધ બ્રીજરાજસિંહ ચંદ્રસિંહ જાડેજાએ બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમો હેઠળ તેમના રૂબરૂ ફરીયાદ આપેલ હતી. જે અસલ ફરીયાદ તેમને બતાવવામાં આવતા તેમાં તેમની તથા ફરીયાદીની સહી હોવાનું અને તે સહી તેઓ ઓળખતા હોવાનું જણાવેલ. જે અસલ ફરીયાદ રજૂ દા. આંક –૦૫ છે. તેમને પંચનામાની ઝેરોક્ષ ખરી નકલ બતાવવામાં આવતા તે પંચો રૂબરૂ કરેલ હોવાનું તથા તેમાં પંચોની અને તેમની સહી હોવાનું અને તે સહી તેઓ ઓળખતા હોવાનું જણાવેલ. જે રજૂ દા. આંક –૦૬ છે. ગુનો દાખલ થયા બાદ આગળની તપાસ તેમને સોંપવામાં આવતા તેમણે તપાસ હાથ ધરી આરોપી વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ. આરોપીને તેઓ જોઈને ઓળખતા હોવાનું જણાવેલ. આરોપી કોર્ટમાં હાજર હોવાનું જણાવેલ.

સદર ત.ક.અમલદારની આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ પેટ્રોલિંગમાં જાય તો વાહનની વિગત સ્ટેશન ડાયરીમાં નોંધવાની હોય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલિંગવાળા વાહનનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ હાઈવે રસ્તો આવેલ છે તેમજ ત્યાં ઘણાબધા વાહનો તથા માણસોની અવરજવર રહે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વાહનની સ્પીડ માપક યંત્રથી માપેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીએ પુરઝડપે, બેફિકરાઈથી, અકસ્માત થાય તે રીતે રોંગ સાઈડમાં વાહન ચલાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોતાની કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે જાતે જ પંચનામું તૈયાર કરી પાછળથી પંચોની સહી કરાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામમાં પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ લેવામાં આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી સામે પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૭ થી પંચ સાહેદ મહેશભાઈ ખેરાજભાઈ અસ્વાર ને** તપાસેલ છે અને આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે," સને ૨૦૨૪ મા પોલીસે તેમને પડાણા પાટીયા પાસે એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા તેઓએ તેમા સહી કરી હતી. આ પંચનામુ શેનુ હતુ કે તેમા શુ વિગતો લખેલ હતી તે વિશે તેમને કોઇ જાત માહીતી નથી. તેમને આંક–૬ થી રજુ પંચનામાની ખરીનકલ બતાવવામાં આવે છે જેમા પંચ તરીકે તેમની સહી જેને તેઓએ ઓળખે છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૫ થી ફરીયાદી બ્રિજરાજસિંહ ચંદ્રસિંહ જાડેજાને** તપાસેલ છે અને આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે," તા. ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ મેઘપર પડાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન કલાક ૧૪–૩૦ વાગ્યે પડાણા પાટિયા પાસે પહોંચતા એક મોટરસાયકલ નં. જી.જે. ૩૭ એન ૦૪૨૮ નો ચાલક પુરપાટ ઝડપે તથા બેફિકરાઈથી વાહન ચલાવી આવતો જણાતા તેને રોકી બે પંચોને બોલાવી તેનું નામ–ઠામ પૂછતા તેણે પોતાનું નામ જયહિંદ શ્યામલાલ જણાવેલ. મજકુર વિરુદ્ધ તેમણે બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમો હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ આઈ.ડી. જાડેજા રૂબરૂ ફરીયાદ આપેલ. તેમને આંક–૫ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની તથા આઈ.ડી. જાડેજાની સહી છે, જે તેઓ ઓળખે છે. આરોપીને તેઓ જોઈને ઓળખી શકે છે. આરોપી કોર્ટમાં હાજર નથી,

સદર ફરીયાદીની આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ પેટ્રોલિંગમાં જાય તો વાહનની વિગત સ્ટેશન ડાયરીમાં નોંધવાની હોય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલિંગવાળા વાહનનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ હાઈવે રસ્તો આવેલ છે તેમજ ત્યાં ઘણાબધા વાહનો તથા માણસોની અવરજવર રહે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વાહનની સ્પીડ માપક યંત્રથી માપેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીએ પુરઝડપે, બેફિકરાઈથી, અકસ્માત થાય તે રીતે રોંગસાઈડમાં વાહન ચલાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોતાની કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે જાતે જ પંચનામું તૈયાર કરી પાછળથી પંચોની સહી કરાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામમાં

પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ લેવામાં આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી સામે પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

## ૪. <u>આરોપીનુ સીઆર.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન</u>

ફરીયાદ પક્ષના તમામ સાહેદોનો પુરાવો પૂર્ણ થયા બાદ રેકર્ડ પર આવેલ પુરાવા સંબંધે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## ૫. <u>બચાવપક્ષે રજુ કરેલ પુરાવો</u>–

બચાવપક્ષે હાલના કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

## ૬. <u>દલીલ</u>

ફરીયાદપક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી એન.પી.જાની દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, આ કામે પુરાવો જોતા આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોય અને ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરેલો હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલો કરી આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

૭. આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-મુદાઓ-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા:-૧૦/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે પોતાની બજાજ કંપનીની પલ્સર મો.સા. રજી. નં. જી.જે. ૩૭ એન ૦૪૨૮ પુરપાટ ઝડપે બેફીકરાઈથી અને ગફલતભરી રીતે રોંગ સાઇડમાં ચલાવી નીકળી, પકડાઇ જઇ બી.એન.એસ. ની કલમ ૨૮૧ તથા એમ . વી. એકટ ની કલમ-૧૭૭ , ૧૮૪, ૧૧૯ મુજબનો ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**-નિર્ણયો-**

અ. નકારમાં

બ. આખરી હુકમ મુજબ.

**-કારણો-**

**૮. પુરાવાઓનુ મુલ્યાંકન -**

હાલના કામે આરોપી સામે આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહિતા ની કલમ - ૨૮૧ તથા એમ . વી. એકટની કલમ - ૧૭૭,૧૮૪, ૧૧૯ મુજબનો ગુનો નિશંક:પણે પુરવાર થયેલ છે કે કેમ ? તે અંગે ફરીયાદપક્ષે પડેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, આ કામના ત.ક.અમલદાર

ઈન્દ્રજીતસિંહ દશરથસિંહ જાડેજાએ પોતાની જુબાનીમાં બનાવ વખતે બનાવની હકીકતોને સમર્થન આપી આંક–૫ થી ફરીયાદ રજુ રાખેલ છે, તેમજ આંક–૬ થી જે તે સમયે કરેલ પંચનામુ પણ રજુ રાખેલ છે, તેવી જ રીતે આંક–૧૫ થી બ્રીજરાજસિંહ ચંદ્રસિંહ જાડેજાનાઓએ પણ બનાવ અંગેની હકીકતોને સમર્થન આપેલ છે. આ બંને સાહેદો પોલીસ સાહેદો છે અને બંને સાહેદોની જુબાની જોતા તા.૧૦/૧૦/૨૪ ના રોજ મેઘપર પડાણા પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલિગમા હતા દરમ્યાન આ કામના આરોપી જયહિદ શ્યામલાલ કલાક ૧૪–૩૦ વાગ્યે પડાણા પાટીયા પાસે એક મોટરસાઇકલ નં. જી જે ૩૭ એન ૦૪૨૮ પુરપાટ ઝડપે બેફીકરાઇથી ચલાવી આવતા હતા તેઓને રોકી નામ ઠામ પુછી પંચો રૂબરૂ પંચનામુ કરેલુ તથા આરોપી વિરૂધ્ધ વિંગતવારની ફરીયાદ આપવામા આવેલ પરંતુ બીજી તરફ તે હકીકત પણ ધ્યાને લેવા જેવી છે કે આ કામે આંક–૭ થી તપાસેલ પંચ સાહેદ મહેશભાઇ ખેરાજભાઇ અસ્વાર એ પંચનામાની હકીકતોને જરાપણ સમર્થન આપેલ નથી અને પંચનામા વિશે કંઇ જાણતા નથી અને પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી કરાવેલ હતી તેવુ જણાવેલ છે. આ સંજોગોમાં આ કામ ના આરોપી ની ગુનામાં નિ:શંક પણે સંડોવણી પુરવાર થતી નથી. તદઉપરાંત, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા થી પણ ફરીયાદ પક્ષના કેસ ને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ નો ગુનો નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા સીવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકાર માં ઠરાવી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-//<u>આખરી હુકમ</u>//-**

(૧) આ કામના આરોપી **જયહિન્દ શ્યામલાલ યાદવ ને** તેઓના વિરૂદ્ધના ભારતીય ન્યાય સંહિતા ની કલમ - ૨૮૧ તથા એમ . વી. એકટની કલમ - ૧૭૭,૧૮૪, ૧૧૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) આરોપીએ સીઆર.પી.સી.ની કલમ-૪૩૭-એ અન્વયે રજુ રાખેલ જામીન તથા જામીનખત આ હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે અને છ-માસ બાદ આપોઆપ રદ થયેલા ગણાશે.

આ હુકમ આજ તા.૧૮ , માહે - જુન , સને - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬

સ્થળ લાલપુર

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.

**CODE NO.GJ01115**